# ગુજરાતી સાહિત્ય પરિષદ

## ૨૮મું જ્ઞાનસત્ર

શ્રી ગુજરાતી સમાજ, ઈન્દોર (મ.પ્ર)
તા.૧૯-૨૦-૨૧ ડિસેમ્બર-૨૦૧૪

## વાર્ષિક અહેવાલ

(ઈ.સ.૨૦૧૪)


સંકલન અને સંપાદન

**પ્રફુલ્લ રાવલ**

મહામંત્રી



**ગુજરાતી સાહિત્ય પરિષદ**

ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : ૨૬૫૭૬૩૭૧, ૨૬૫૮૭૯૪૭
વેબસાઈટ : www.gujaratisahityaparishad.org

## ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યવાહક સમિતિના સભ્યો


૧. શ્રી ધીરુ પરીખ (પ્રમુખ) અમદાવાદ
૨. શ્રી રવીન્દ્ર પારેખ (ઉપ પ્રમુખ) સુરત
૩. શ્રી રાજેન્દ્ર પટેલ (ઉપ પ્રમુખ) અમદાવાદ
૪. શ્રી માધવ રામાનુજ (કોષાધ્યક્ષ) અમદાવાદ
૫. શ્રી પ્રફુલ્લ રાવલ (મહામંત્રી) અમદાવાદ
૬. શ્રી નીતિન વડગામા (પ્રસારમંત્રી)રાજકોટ
૭. શ્રી ઉષા ઉપાધ્યાય (પ્રકાશનમંત્રી)અમદાવાદ
૮. શ્રી જનક નાયક (વિકાસમંત્રી) સુરત
૯. શ્રી કીર્તિદા શાહ (ગ્રંથાલયમંત્રી) અમદાવાદ
૧૦. શ્રી અનિલા દલાલ (સભ્ય) અમદાવાદ
૧૧. શ્રી પ્રકાશ ન. શાહ (સભ્ય) અમદાવાદ
૧૨. શ્રી હરિકૃષ્ણ પાઠક (સભ્ય) ગાંધીનગર
૧૩. શ્રી મનસુખ સલ્લા (સભ્ય) અમદાવાદ
૧૪. શ્રી પ્રફુલ્લ દેસાઈ (સભ્ય)સુરત
૧૫. શ્રી રાજેન્દ્ર મહેતા (સભ્ય) દિલ્હી
૧૬. શ્રી અજયસિંહ ચૌહાણ (સભ્ય) આણંદ
૧૭. શ્રી ધ્વનિલ પારેખ (ગાંધીનગર)
૧૮. શ્રી ઉત્પલ પટેલ (હિંમતનગર)
૧૯. શ્રી કનૈયાલાલ ભટ્ટ (ગાંધીનગર)
૨૦. શ્રી વિરંચી એમ. ત્રિવેદી (વડોદરા)


### n ટ્રસ્ટીઓ n


૧. શ્રી વિનોદભાઈ ભટ્ટ
૨. શ્રી પ્રફુલ્લભાઈ અનુભાઈ
૩. શ્રી નિરંજન ભગત
૪. શ્રી રઘુવીર ચૌધરી
૫. શ્રી મધુકર પારેખ
૬. શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ
૭. શ્રી રૂપલ મહેતા
૮. શ્રી પાવન બકેરી

ટ્રસ્ટી મંડળની બેઠકમાં નિમંત્રિત સભ્ય : શ્રી પરેશ નાયક


### n ભૂતપૂર્વ પ્રમુખો n

૧. શ્રી ભગવતીકુમાર શર્મા
૨. શ્રી વર્ષા અડાલજા

### n કાર્યવાહક સમિતિની બેઠકમાં નિમંત્રિત સભ્યો n

૧. શ્રી રતિલાલ બોરીસાગર
૨. શ્રી યોગેશ જોષી, (તંત્રી, પરબ)

મધ્યસ્થ સમિતિમાં કુલ ૭૩ સભ્યો હોય છે. કાર્યવાહક સમિતિના સભ્યો મધ્યસ્થ સમિતિના સભ્યો હોય છે.



## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | આપણી વાત | ૪ |
| ૨. | વિવિધ વ્યાખ્યાનો/પરિસંવાદ | ૫ |
| ૩. | ઈન્ટરનેટ/વેબ | ૧૦ |
| ૪. | પ્રકાશન પ્રવૃત્તિ | ૧૨ |
| ૫. | ક.લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત કાર્યક્રમો/પ્રવૃત્તિઓ | ૧૪ |
| ૬. | ચી.મં. ગ્રંથાલય પરિચય અને પ્રવૃત્તિ | ૧૬ |
| ૭. | રવીન્દ્રભવન | ૧૮ |
| ૮. | ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર | ૨૦ |
| ૯. | વિશિષ્ટ કાર્યક્રમો (પાક્ષિકી, બુધસભા, એનીબેન સરૈયા) | ૨૧ |
| ૧૦. | વિવિધ કાર્યક્રમોની યાદી | ૨૫ |
| ૧૧. | મળેલા દાનની વિગત | ૨૬ |
| ૧૨. | શ્રદ્ધાંજલિ | ૨૮ |
| ૧૩. | જ્ઞાનસત્રનો વિગતવાર કાર્યક્રમ | ૨૯ |
| ૧૪. | જ્ઞાનસત્રોની યાદી | ૩૨ |



ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : ઉષા ઉપાધ્યાય (પ્રકાશનમંત્રી) ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, 'ટાઈમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦૦૦૯
website : www.gujaratisahityaparishad.org e-mail : gspamd@vsnl.net
મુદ્રણ સ્થાન : ક્રિષ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા, અમદાવાદ ૩૮૦૦૧૩. ફોન : ૨૭૪૯૪૩૯૩

# આપણી વાત

ગુજરાતી સાહિત્ય પરિષદનું કામ ગુજરાતી સાહિત્ય-ભાષાના પ્રચાર-પ્રસારનું છે એ સુવિદિત ઘટના છે. પરિષદના પ્રાંગણમાં થતી પ્રવૃત્તિઓ સાથે પરિષદ દ્વારા અન્યત્ર થતી પ્રવૃત્તિઓ ઉપરાંત ગુજરાતમાં-ગુજરાત બહાર થતી સાહિત્યિક પ્રવૃત્તિઓથી સહુ માહિતગાર રહે તે હેતુ પણ છે. ગુજરાતી સાહિત્ય પરિષદ સાહિત્યના પ્રચાર-પ્રસાર માટે જે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે તેમાં વિવિધ વ્યાખ્યાનો દ્વારા પૂર્વકાલીન અને સમકાલીન સાહિત્યકારો વિશે અને વિવિધ સાહિત્યસ્વરૂપો અને સાહિત્યને લગતાં વિવિધ પાસાંઓને અનુલક્ષીને પરિષદને મળેલા અનુદાનમાંથી ગુજરાતભરમાં વિવિધ જગ્યાએ વિવિધ વ્યાખ્યાનનું આયોજન કરે છે.

પરિષદ પત્રકારત્વ, અનુવાદ, પ્રૂફ વાચનના પ્રમાણપત્ર અભ્યાસક્રમ ચલાવે છે તથા માતૃભાષા સંવર્ધન કેન્દ્રના ઉપક્રમે માતૃભાષાકૌશલના અભ્યાસક્રમ ચાલે છે.

'આપણો કવિતાવારસો' નામે કાર્યક્રમ અગાઉ પરિષદ દ્વારા થતો હતો તેને ફરી જાગતો કર્યો છે.

પરિષદ અંતર્ગત ચાલતી એની સરૈયા પ્રોત્સાહન લેખનનિધિ ઉપક્રમે બહેનોએ વિવિધ જૂથમાં વાર્તાપઠન કર્યું અને તેના વિશે ચર્ચા કરી. પરિષદની ભાષાસાહિત્યના વિકાસની પ્રવૃત્તિમાં આ પ્રવૃત્તિ ભવિષ્યમાં એક અલગ પ્રકારની લેખિકાથી સમૃદ્ધ થશે.

પરિષદની પરંપરા રહી છે કે સાહિત્યનાં વિવિધ સ્વરૂપો વિશે અવારનવાર પરિસંવાદો અને એ અંગેની ચર્ચાવિચારણા થતી રહી છે.

પરિષદ દ્વારા જે વિવિધ પ્રવૃત્તિઓ વર્ષ દરમિયાન થઈ છે તેની વિગતે વાત અહીં ક્રમશઃ રજૂ કરી છે.



# (૨)
# વિવિધ વ્યાખ્યાનો/પરિસંવાદ

## પરિષદની વિવિધ વ્યાખ્યાનમાળાઓ

- યશવંત પંડ્યા વ્યાખ્યાનમાળા
- ઉશનસ્ વ્યાખ્યાનમાળા
- ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી (પત્રકારત્વ)
- પી.જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાન
- ગની દહીંવાલા વ્યાખ્યાનમાળા
- વ્રજલાલ દવે (શૈક્ષણિક) વ્યાખ્યાનમાળા
- વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વ્યાખ્યાનમાળા
- ચંદ્રકાન્ત શેઠ પ્રેરિત બાલમિત્ર વ્યાખ્યાનમાળા
- સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળા
- કે.બી. વ્યાસ વ્યાખ્યાનમાળા
- તારાબહેન મંગળદાસ મહેતા વ્યાખ્યાનમાળા
- વાર્તાકાર જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા
- કાકાસાહેબ કાલેલકર વ્યાખ્યાનમાળા
- હરિનારાયણ આચાર્ય વ્યાખ્યાનમાળા
- જયંતી એમ. દલાલ વ્યાખ્યાનમાળા
- રવિશંકર રાવળ વ્યાખ્યાનમાળા

## ૨૦૧૪ દરમિયાન યોજાયેલાં વિવિધ વ્યાખ્યાનો/પરિસંવાદો

- ગુજરાતી સાહિત્ય પરિષદ અને શિશુવિહાર, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે યશવંત પંડ્યા વ્યાખ્યાનમાળા અંતર્ગત શિશુવિહાર, ભાવનગર ખાતે તા.૧૧/૧૨/૨૦૧૩ના રોજ શ્રી અર્ચન ત્રિવેદીએ 'ભવાઈ, જૂની રંગભૂમિ, આજની રંગભૂમિમાં ગીત-સંગીત-અભિનયની વાતો' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાતી ભાષાસાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે શ્રી કે.બી. વ્યાસ વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૨/૧/૨૦૧૪ના રોજ શ્રી મુનિકુમાર પંડ્યાએ 'મેઘાણી સાહિત્યમાં સોરઠી

બોલીનો વિનિયોગ' વિષય પર ગુજરાતી ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે વ્યાખ્યાન આપ્યું હતું.

- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે શ્રી રવિશંકર રાવળ વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૧૧/૧/૨૦૧૪ના રોજ 'મારી સિનેમાની સફર' વિશે શ્રી કેતન મહેતાએ વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને સી.એન. તાલીમી વિદ્યાલય, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ચંદ્રકાન્ત શેઠ પ્રેરિત બાલમિત્ર વ્યાખ્યાનમાળા અંતર્ગત શેઠ સી.એન. તાલીમી વિદ્યાલય ખાતે શ્રી યોસેફ મૅકવાને તા.૨૨/૧/૨૦૧૪ના રોજ 'બાળવાર્તાઓની આસ્વાદ્ય રજૂઆત' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ તથા શ્રી એ.ડી. શેઠ પત્રકારત્વ ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી (પત્રકારત્વ) વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૨૪/૧/૨૦૧૪ના રોજ પત્રકારત્વ ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ડૉ. નીતાબહેન ઉદાણીએ 'ગુજરાતી પત્રકારત્વની વિકાસગાથા' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને હીરપરા કૉલેજ, જેતપુરના સંયુક્ત ઉપક્રમે શ્રી પી.જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૨૭/૧/૨૦૧૪ના રોજ ડૉ.ભીમજી ખાચરિયાએ વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાતી ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે શ્રી જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા અંતર્ગત ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે શ્રી મોહન પરમારે તા.૨૯/૧/૨૦૧૪ના રોજ 'સાંપ્રત ગુજરાતી ટૂંકીવાર્તાની ગતિવિધિ' વિશે વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ શ્રી જિજ્ઞેશ બ્રહ્મભટ્ટે પોતાની વાર્તાનું પઠન કર્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને યુ.ટી.એસ. મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદના સંયુક્ત ઉપક્રમે તારાબહેન મંગળજી મહેતા વ્યાખ્યાનમાળા અંતર્ગત યુ.ટી.એસ. મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ ખાતે તા.૩/૨/૨૦૧૪ના રોજ શ્રી રમણ સોનીએ 'ભાષા અને રૂપતંત્ર' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને વૈદ્ય એમ.એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે વ્રજલાલ દવે (શૈક્ષણિક) વ્યાખ્યાનમાળા અંતર્ગત વૈદ્ય એમ.એમ.પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન ખાતે તા.૭/૨/૨૦૧૪ના રોજ શ્રી ભરત જોશીએ 'વર્ગખંડમાં સર્જનાત્મકતાની માવજત' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.



- ગુજરાતી સાહિત્ય પરિષદ અને ભવન્સ કલ્ચરલ સેન્ટર, અંધેરી (મુંબઈ)ના સંયુક્ત ઉપક્રમે વ્રજલાલ દવે (સાહિત્ય) વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૨૩/૨/૨૦૧૪ના રોજ શ્રી દીપક મહેતાએ બીસીસીએ ઓડિટોરિયમ, અંધેરી ખાતે 'ઓગણીસમી સદીની ગુજરાતી ગ્રંથસમૃદ્ધિ' વિશે વક્તવ્ય આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને ભવન્સ કલ્ચરલ સેન્ટર, અંધેરી (મુંબઈ)ના સંયુક્ત ઉપક્રમે સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૨૩/૨/૨૦૧૪ના રોજ બીસીસીએ ઓડિટોરિયમ, અંધેરી ખાતે શ્રી ઉત્પલ ભાયાણીએ 'છેલ્લા દાયકામાં મુંબઈની રંગભૂમિ' વિશે વક્તવ્ય આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે મનુભાઈ પંચોળી 'દર્શક'ની જન્મશતાબ્દી નિમિત્તે તા.૨૬/૨/૨૦૧૪ના રોજ 'દર્શક'ના પ્રદાનને અનુલક્ષીને એક પરિસંવાદ યોજાયો હતો.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને એમ.એમ. ગાંધી આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, કાલોલના સંયુક્ત ઉપક્રમે કવિશ્રી ઉશનસ્ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી રાજેશ પંડ્યાએ એમ.એમ. ગાંધી આર્ટ્સ કોલેજ ખાતે તા.૮/૩/૨૦૧૪ના રોજ 'કવિતાનાં સૌંદર્યસ્થાનો' વિશે વક્તવ્ય આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તા.૨૯-૩૦ માર્ચના રોજ સૂરતમાં 'ભારતીય ભાષાઓમાં હાસ્યસાહિત્ય' અંગેનો એક પરિસંવાદ યોજાયો હતો, જેમાં હાસ્યની વિવિધ કૃતિઓ તેમ જ સર્જકો વિશે વાત થઈ હતી.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગાંધી આશ્રમ, ઝીલિયા (જિ. મહેસાણા)ના સંયુક્ત ઉપક્રમે કાકાસાહેબ કાલેલકર વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૩૧/૩/૨૦૧૪ના રોજ શ્રી મનસુખ સલ્લાએ ગાંધી આશ્રમ, ઝીલિયા ખાતે 'ગાંધીજીને સમજવાના આધારો' વિશે વક્તવ્ય આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ જ્ઞાનપીઠ અને ગુજરાત રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સંગીત-નાટક અકાદમીના સંયુક્ત ઉપક્રમે તા.૧૭/૫/૨૦૧૪ના રોજ અભિનયસમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી અભિનીત અને રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી લિખિત ચારણદંપતીના પ્રેમ-વિજોગની અમરકથા 'રતન ગિયું રોળ' અને સૌરાષ્ટ્રની રસધાર અંતર્ગત 'પોરહાવાળા'ની પ્રસિદ્ધ લોકવાર્તાના દશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા કથાકથનની પરંપરાગત શૈલીમાં એકપાત્રીય મંચન કાર્યક્રમ યોજાયો હતો.
- તા.૩૧/૫/૨૦૧૪ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'રમેશકથા-૭'નું આયોજન થયું હતું. જેમાં વાર્તાકાર ગુણવંત વ્યાસે 'રમેશકથા'ની અભિવ્યક્તિ

કરી હતી.

- ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રતિવર્ષ અપાતું સચ્ચિદાનંદ સન્માન ૭મી જૂન,૨૦૧૪ના રોજ મહુવામાં પ.પૂ. મોરારિબાપૂની નિશ્રામાં અનુક્રમે ૨૦૧૦,૨૦૧૧ અને ૨૦૧૨નું શ્રી ચંદ્રકાન્ત શેઠ, શ્રી રતિલાલ બોરીસાગર અને શ્રી લાભશંકર પુરોહિતને અર્પણ થયું. શ્રી મોરારિબાપૂએ સમાપન વક્તવ્ય આપ્યું હતું.
- તા.૩૦/૬/૨૦૧૪ના રોજ પરિષદ દ્વારા પ્રકાશિત પુસ્તકો પર ગ્રંથગોષ્ઠિ કાર્યક્રમ અંતર્ગત 'સાહિત્યમાં દરિયો' પુસ્તક વિશે શ્રી હસમુખ શાહ અને શ્રી મકરંદ મહેતાએ વ્યાખ્યાન આપ્યાં.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, વ્યારાના સંયુક્ત ઉપક્રમે ઉશનસ્ વ્યાખ્યાનમાળામાં નર્મદ જયંતી નિમિત્તે તા.૨૩/૮/૨૦૧૪ના રોજ વ્યારા ખાતે ડૉ. દક્ષાબહેન વ્યાસે 'નિબંધકાર નર્મદ' વિશે વક્તવ્ય આપ્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને લેંગ લાઈબ્રેરી ટ્રસ્ટ સંચાલિત અરવિંદભાઈ મણિયાર પુસ્તકાલયના સંયુક્ત ઉપક્રમે પી.જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૨૩/૯/૨૦૧૪ના રોજ શ્રી વી.એસ. ગઢવીએ વક્તવ્ય આપ્યું હતું.

**– નીતિન વડગામા**

- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે સાહિત્ય સંગમ, સૂરતના સહયોગથી નીચેની પ્રવૃત્તિ થઈ હતી.

– તા.૨૩/૧/૨૦૧૪ના રોજ મધુરાય સાથે એક સાંજ કાર્યક્રમનું આયોજન થયું હતું.

– તા.૨૫/૧/૨૦૧૪ના રોજ 'કુદરતી હાજત અને માણસ' વાર્તાપઠનનો કાર્યક્રમ યોજાયો હતો.

– તા.૯/૨/૨૦૧૪ના રોજ કવિશ્રી ચિનુ મોદીની પંક્તિઓ પરથી 'તરહી મુશાયરા'નું આયોજન થયું હતું.

– તા.૧૨/૨/૨૦૧૪ના રોજ ડૉ. રમેશ શુક્લને શ્રદ્ધાંજલિ અર્પણનો કાર્યક્રમ યોજાયો.

– તા.૧૩/૨/૨૦૧૪ના રોજ 'અકૂપાર' વિશે એક સંવાદનું આયોજન થયું હતુ.

– તા.૨૨/૩/૨૦૧૪ના રોજ સ્ત્રીવિષયક વાર્તાનું પઠન અને ચર્ચા થઈ હતી.

– તા.૧/૪/૨૦૧૪ના રોજ ગૌરાંગ ઠાકરની પંક્તિઓ પરથી 'તરહી મુશાયરો' યોજાયો હતો.



– તા.૧૮/૫/૨૦૧૪ના રોજ નયન દેસાઈની પંક્તિઓ પરથી 'તરહી મુશાયરો' યોજાયો હતો.

– તા.૨૯/૫/૨૦૧૪ના રોજ શ્રી નીલમ દોશી સાથે એક સાંજ કાર્યક્રમનું આયોજન થયું હતુ.

– તા.૨૦/૭/૨૦૧૪ના રોજ વિવિધ ગઝલકારોની પંક્તિ પરથી 'તરહી મુશાયરા'નું આયોજન થયું હતુ.

– તા.૧૭/૮/૨૦૧૪ના રોજ શ્રી ગની દહીંવાળાની પંક્તિ પરથી તરહી મુશાયરો યોજાયો હતો.

– તા.૩૧/૯/૨૦૧૪ના રોજ શ્રી મનહરલાલ ચોકસીની પંક્તિ પરથી ચરહી મુશાયરો યોજાયો હતો.

## વિદ્યાર્થી વિકાસ અભિયાન-૨૦૧૩-૧૪

– ગુજરાતી સાહિત્ય પરિષદ અને સાહિત્ય સંગમના સથવારે વિદ્યાર્થી વિકાસ અભિયાન શરૂ કર્યું હતું. જેમાં હજારો વિદ્યાર્થીઓને ગુજરાતી સાહિત્યથી પરિચિત કરાયાં હતાં.

– તા.૧૦ અને ૧૧ ઓક્ટોબર, ૨૦૧૩ના દિવસોમાં શ્રી સર્વોદય કેળવણી મંડળ, કરચેલીઆ સંચાલિત, ભૂ.ભી. સાર્વજનિક હાઈસ્કૂલ (તા. મહુવા)

– તા.૨૪ અને ૨૫ ઑક્ટોબર, ૨૦૧૩ના દિવસોમાં મા ભવાની ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત વિદ્યાસંકુલ કે.ડી. પટેલ સેકન્ડરી સ્કૂલ, (ભવાની નગર, કામરેજ ચાર રસ્તા, કામરેજ)

– તા.૪ અને ૫ ડિસેમ્બર, ૨૦૧૩ના દિવસોમાં એમ.એ. હાઈસ્કુલ, જૂનાપુરા, પુલ પાસે, ઓલપાડ

– તા.૨ અને ૩ જાન્યુઆરી, ૨૦૧૪ના દિવસોમાં શ્રી એસ.એમ.કે.આર.વશી હાઈસ્કૂલ, મરોલી સ્ટેશન, જિ. નવસારી

– તા.૮ અને ૯ જાન્યુઆરી, ૨૦૧૪ના વેડછી પ્રદેશ સેવા સમિતિ, ઉદ્યોગવાડી, વાલોડ જિ. તાપી


**– જનક નાયક**

# (૩)
# ઈન્ટરનેટ/વેબ

- **<u>વેબસાઈટ</u>**

  ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટ પરના મુલાકાતીઓની વિગતનો અહેવાલ :-

  સ્ટેટીસ્ટીક્સને આધારે, દર મહિને આવતા મુલાકાતીઓની સંખ્યામાં વધારો થયો છે. તેની માહિતી દર્શાવતો ચાર્ટ નીચે પ્રસ્તુત છે.




| Month | Unique visitors | Number of visits | Pages | Hits | Bandwidth |
|---|---|---|---|---|---|
| Jan 2014 | 6,734 | 9,013 | 26,018 | 273,389 | 4.04 GB |
| Feb 2014 | 7,069 | 9,591 | 25,850 | 234,082 | 6.59 GB |
| Mar 2014 | 5,026 | 6,956 | 21,573 | 165,116 | 8.45 GB |
| Apr 2014 | 3,648 | 5,168 | 15,199 | 119,257 | 5.43 GB |
| May 2014 | 3,207 | 4,559 | 11,745 | 100,990 | 3.20 GB |
| Jun 2014 | 4,668 | 6,206 | 16,182 | 140,872 | 4.65 GB |
| Jul 2014 | 8,478 | 11,179 | 28,454 | 249,691 | 7.17 GB |
| Aug 2014 | 9,006 | 11,879 | 29,561 | 263,809 | 7.16 GB |
| Sep 2014 | 6,300 | 8,357 | 21,114 | 188,268 | 5.45 GB |
| Oct 2014 | 5,747 | 7,610 | 19,157 | 164,492 | 6.50 GB |
| **Nov 2014** | 3,578 | 4,353 | 10,542 | 101,544 | 3.33 GB |



- **<u>સોશીયલ મીડિયા</u>**

  ગુજરાતી સાહિત્ય પરિષદ ફેસબુક તેમજ ટ્વીટર પર પ્રવૃત્ત છે અને સોશિયલ મીડિયા દ્વારા દુનિયાભરમાં તેની પ્રવૃત્તિઓની માહિતીની જાણ કરે છે.

- **<u>ડેટા સેન્ટર</u>**

  હાલમાં ચી.મં. ગ્રંથાલયમાં ડેટા સેન્ટર સ્થાપવામાં આવ્યું છે અને હાલ તેમાં નીચેની ડિજીટલ માહિતીના સંગ્રહનું કાર્ય ચાલુ છે.

૧. પરબનાં સંપૂર્ણ અંક - વર્ષ ૨૦૦૬થી વર્તમાન સુધી.
૨. વનસ્થલી દ્વારા ડિજીટાઈઝ્ડ થયેલા પુસ્તકો લગભગ ૨,૨૦૦ પુસ્તકો તથા સામયિકો.
૩. એમપીૅ૩ ફોરમેટમાં ફેરવાયેલા લગભગ પચાસેક વક્તવ્યો.
૪. સંસ્થાના તમામ અધિવેશન તથા જ્ઞાનસત્રોના અહેવાલો.
૫. ઉપલબ્ધ તમામ ફોટા.

આ ઉપરાંત અગત્યના ફોટાઓનું આર્કાઈવ ઊભું કરવા વિષે ચર્ચા ચાલી રહી છે અને તે અંતર્ગત સહુ સભ્યો, અન્ય વાચકો, કે કોઈ પણ તેમની પાસે ઉપલબ્ધ સાહિત્યકારોનાં મહત્ત્વનાં ફોટાઓનું યોગદાન આપી શકશે. ફોટાઓ પરબીડિયામાં બંધ કરીને પરિષદ કાર્યાલયમાં મોકલી શકાશે અને તેનું ડિજીટલમાં રૂપાંતર કરવા માટે સ્કેન કરવામાં આવશે, અથવા ઈ-મેલ દ્વારા પણ મોકલી શકાશે. અગત્યનું એ રહેશે કે ફોટામાંની વ્યક્તિઓની ઓળખ તેમજ પ્રવૃત્તિની વિગત નવી પેઢી માટે સચવાઈ રહે અને તેમને જ્યારે જરૂર હોય, ત્યારે મળી પણ શકે.

**— રૂપલ મહેતા**

<u>Ãkh»Ë «{¾Ik MkLf{Kk</u>

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી ધીરુભાઈ પરીખનું ૫મી ઑક્ટોબર,૨૦૧૪ના રોજ અમેરિકામાં ગુર્જરી ડાયજેસ્ટ પરિવારના ઉપક્રમે સન્માન થયું હતું. સન્માનનો પ્રતિભાવ આપતા એમણે પરિષદની પ્રવૃત્તિઓ અને ગુજરાતી ભાષા વિશે વાત કરી હતી. એમણે કહેલું કે જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં ત્યાં પરિષદ છે.


શ્રી ધીરુભાઈ પરીખ

# (૪)
# પ્રકાશન પ્રવૃત્તિ

પરિષદની અનેકવિધ પ્રવૃત્તિઓમાંથી એક મુખ્ય પ્રવૃત્તિ ગુજરાતી ભાષાના ગુણવત્તાસભર પુસ્તકો પ્રકાશિત કરવાની છે. પરિષદ દ્વારા સર્જનાત્મક, વિવેચનાત્મક, સંશોધન-સંપાદન, ભાષાવિજ્ઞાન તથા અનુવાદના પુસ્તકો પ્રકાશિત થાય છે. સામાન્ય રીતે વ્યાવસાયિક પ્રકાશકો જે પુસ્તકો ન છાપે, પરન્તુ જિજ્ઞાસુઓ અને અભ્યાસીઓને ઉપયોગી હોય તેવાં પુસ્તકોનું પ્રકાશન પરિષદ કરે છે. નવોદિત સર્જકોને તથા આ વર્ષથી લેખિકાઓને પ્રોત્સાહન મળે તે માટે ('પરબ'માં જાહેરાત આપી, હસ્તપ્રતો મંગાવી તેનું પરામર્શન કરાવીને) એમનાં પ્રથમ પુસ્તકનું પ્રકાશન પરિષદ કરે છે. વિવિધ સામયિકોમાં વર્ષભર પ્રકાશિત થયેલાં કાવ્યો તેમજ ટૂંકી વાર્તાના સંપાદન માટે અધિકારી સંપાદકને નિમંત્રણ આપીને પ્રતિવર્ષ 'ગુજરાતી કવિતાચયન' તથા 'ગુજરાતી નવલિકાચયન' પ્રકાશિત કરાય છે. આ શ્રેણીને સાહિત્યરસિકો તેમ જ અભ્યાસીઓ તરફથી વ્યાપક આવકાર મળ્યો છે. એ જ રીતે બી.કે. મજમુદારની શ્રેણીમાં નવોદિત સર્જકનું પુસ્તક પ્રકાશિત કરાય છે. પરિષદનું મહત્ત્વનું પ્રકાશન ગુજરાતી સાહિત્યના ઈતિહાસના ચીવટપૂર્વક થયેલા, શ્રધ્ધેય ગ્રંથો છે. અનેક વિદ્વાનોની સહાયથી આ વર્ષે 'ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ'નો ખંડ-૭ પ્રકાશિત થઈ રહ્યો છે. આ ગ્રંથનું મુદ્રણકાર્ય ટૂંક સમયમાં પૂરું થશે. તમામ અધિકરણો અંતિમ પ્રૂફ સાથે તૈયાર છે. હાલ સૂચિનું કામ થઈ રહ્યું છે, જે પૂરું થતા ખંડ-૭નું પ્રકાશન થશે. પરિષદના દરેક પ્રકાશન પ્રાપ્ત થયેલ દાનમાંથી કરવામાં આવે છે. પરિષદનું એક અન્ય મહત્ત્વનું પ્રકાશન મુખપત્ર 'પરબ' છે. 'પરબ'માં સર્જનાત્મક સાહિત્ય, વિવેચન-સંશોધન તથા સાંપ્રત સાહિત્યિક પ્રવાહોની ગતિવિધિની માહિતીનો સમાવેશ થાય છે. ૨૦૧૩-૧૪ના વર્ષ દરમિયાન રૂા.૭,૧૦,૧૯૪/-નાં પુસ્તકોનું વેચાણ થયું છે. સદ્. હસિત બૂચના સ્મરણાર્થે શ્રી વાગ્મિન બૂચ તરફથી મળેલ દાનમાંથી પ્રકાશન થશે. વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં પુસ્તકો તથા નવું આયોજન આ પ્રમાણે છે –

## પ્રકાશિત થયેલાં પુસ્તકો

૧. ચાલો, રમીએ નાટક
૨. પોળોના પાદરમાં
૩. મેહુલો ગાજે ને માધવ નાચે (પુનર્મુદ્રણ)
૪. મન સાથે મૈત્રી (પુનર્મુદ્રણ)
૫. ગુજરાતી નવલિકાચયન-૨૦૧૩
૬. હું હવે કાગળ પર

## હાલ કમ્પોઝમાં મોકલેલ હસ્તપ્રતો નીચે મુજબ છે.

૧. પરિવાર વિષયક કાવ્યો
૨. ભોગીલાલ ગાંધી સ્મૃતિગ્રંથ
૩. જ્ઞાનસત્ર : સાહિત્યનું સરવૈયું
૪. સમગ્ર સાહિત્ય : વિદ્યાબહેન નીલકંઠ
૫. શ્રેષ્ઠ સુંદરમ્
૬. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ભાગ-૧ (પુનર્મુદ્રણ)
૭. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ભાગ-૨, ખંડ-૧ (પુનર્મુદ્રણ)
૮. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ભાગ-૨, ખંડ-૨ (પુનર્મુદ્રણ)

## નવાં પ્રકાશનો કરવાનું આયોજન.

૧. ગુજરાતી નવલિકાચયન-૨૦૧૨
૨. ગુજરાતી કવિતાચયન-૨૦૧૨
૩. ગુજરાતી કવિતાચયન-૨૦૧૩
૪. ગુજરાતી કવિતાચયન-૨૦૧૪
૫. ગુજરાતી નવલિકાચયન-૨૦૧૪
૬. રમણલાલ જોષી શ્રેણી અંતર્ગત વિવેચનગ્રંથ
૭. હસમુખ પાઠકનાં કાવ્યો
૮. શિવ પંડ્યાનાં કાવ્યો-કાર્ટૂનો

**– ઉષા ઉપાધ્યાય**

# (૫)
# ક.લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત કાર્યક્રમો/પ્રવૃત્તિઓ
(જાન્યુઆરી-૨૦૧૪થી ડિસેમ્બર-૨૦૧૪)

---

- **ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ :**

  ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા હાલ મુખ્ય કામગીરી રૂપે 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથ સાતનું લેખન-સંપાદનનું કાર્ય ચાલે છે. આ સાતમા ગ્રંથમાં કુલ ૧૫૬૯ સર્જકો વિશેના ઇતિહાસઆલેખોનો સમાવેશ થશે. તેમાં બહારના વિદ્વાનોને સોંપેલા મોટાભાગના અધિકરણો આવી ગયા છે. હાલમાં સંપાદનકાર્ય ચાલુ છે. ઇતિહાસ ગ્રંથ-૭ની સૂચિઓ, સંદર્ભગ્રંથ સૂચિ, વ્યક્તિનામ સૂચિ, ગ્રંથશીર્ષક સૂચિ, કૃતિશીર્ષકસૂચિ, સામયિક નામ સૂચિ, સંસ્થાનામ સૂચિ તૈયાર કરવાનું કાર્ય ચાલે છે.

- **ગુજરાતી સાહિત્યકોશનું શોધનવર્ધન :-**

  ક.લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત 'ગુજરાતી સાહિત્યકોશ'ના શોધન-વર્ધનના કાર્યનો આરંભ થયો છે. હાલમાં 'ગુજરાતી સાહિત્યકોશ' ભાગ-૨માં સમાવેશ પામેલા જે સાહિત્યકારો વિશેની માહિતી સંવર્ધિત કરવાની છે તેવા લગભગ ૫૧૪ સાહિત્યકારોની યાદી તૈયાર કરી છે. તેમના વિશેની સંદર્ભ-સામગ્રી તૈયાર કરવાનું કાર્ય ચાલે છે. 'પરબ', 'શબ્દસૃષ્ટિ', 'સામયિક લેખસૂચિ' તેમ જ 'ગુજરાતી ગ્રંથસૂચિ'-૬,૭,૮માંથી કૃતિ-કર્તા વિષયક લેખોની માહિતી ઉમેરી. આ ઉપરાંતના સંદર્ભગ્રંથોમાંથી અને ગુજરાત વિદ્યાપીઠના ગ્રંથાલયમાંથી માહિતી ઉમેરી.

  'ગુજરાતી સાહિત્યકોશ' ગ્રંથ-૨માં ૧૯૫૦ સુધી જન્મેલા સાહિત્યકારોનો સમાવેશ થયો છે. અને ૧૯૮૫ સુધી જન્મેલા સાહિત્યકારો અને તેમના ગ્રંથો વિશેની યાદી તૈયાર કરવાનું કામ ચાલે છે. એની સાથે અધિકરણલેખનનું કાર્ય શરૂ થયું છે, અંદાજે ૫૬૦ જેટલાં અધિકરણો લખાઈ ગયા છે. ૧૯૫૦ પછી જન્મેલા સાહિત્યકારોને માહિતીપત્રકો મોકલ્યા છે.

  ક.લા. સ્વાધ્યાયમંદિર ગ્રંથાલયમાં પુસ્તકોનું એક્સેશન, ક્લાસિફિકેશન અને ફાઈલિંગ કર્યું અને સામયિકોનું બાઈન્ડિંગ કરાવ્યું.



- **અનુવાદ,પત્રકારત્વ અને પ્રૂફવાચન, માતૃભાષા વિશેના અભ્યાસક્રમોનું શિક્ષણ :-**

  ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા વિવિધ અભ્યાસક્રમોના શિક્ષણનું કાર્ય અવિરતપણે ચાલે છે.

- **અનુવાદ અને પત્રકારત્વ પ્રમાણપત્ર અભ્યાસક્રમ :-**

  શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા ગુજરાત યુનિવર્સિટી માન્ય અનુવાદ અને પત્રકારત્વના છ મહિનાના પ્રમાણપત્ર અભ્યાસક્રમો ચાલે છે. તેની ત્રીજી બેચની જાન્યુઆરી મહિનામાં પરીક્ષા બાદ સર્ટિફિકેટ આપવામાં આવ્યા. ચોથી બેચનો આરંભ ૧૫ જુલાઈ ૨૦૧૪થી થયો છે. તેમાં પત્રકારત્વમાં ૨૭ વિદ્યાર્થીઓ અને અનુવાદમાં ૧૨ વિદ્યાર્થીઓ નોંધાયા છે. પત્રકારત્વના અભ્યાસક્રમનું સંયોજન શ્રી દૃષ્ટિ પટેલ કરે છે. તેમનો આભાર માનું છું.

  ક.લા. સ્વાધ્યાયમંદિરને ગુજરાત યુનિવર્સિટીએ પ્રૂફવાચનના અભ્યાસક્રમની મંજૂરી આપી છે.

- ડૉ. ભોગીલાલ સાંડેસરા ચૅર અંતર્ગત મધ્યકાલીન ગુજરાતી કવિતામાં વેદાંત વિશે શ્રી નર્મદાબેન રાવલે તેમનું કાર્ય પૂરું કરેલ છે. ડૉ. ભોગીલાલ સાંડેસરા ચેરના માનાર્હ અધ્યાપક તરીકે શ્રી રમણ સોની નિમણૂક પામ્યા છે. તેમનો વિષય 'વિષ્ણુદાસ-રચિત ચંદ્રહાસ-આખ્યાનનું સમીક્ષિત સંપાદન અને એના અનુસંધાનમાં તુલનાત્મક અભ્યાસ' છે.

- શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા બી.કે. મજૂમદાર ગ્રંથશ્રેણી અંતર્ગત વિવિધ સાહિત્યસ્વરૂપોમાં સર્જન કરનારા નવોદિત સર્જકોના પ્રથમ પુસ્તક રૂપે પ્રકાશિત થાય છે. આ શ્રેણી માટે 'પરબ'માં જાહેરાત આપ્યા બાદ મળેલી હસ્તપ્રતોનું પરામર્શન શ્રી કિરીટ દૂધાતે કર્યું હતું. તેમણે જિતેન્દ્ર પ્રજાપતિના ગઝલસંગ્રહ 'હું હવે કાગળ ઉપર'ની પસંદગી કરી છે.

- એની સરૈયા લેખિકાપ્રોત્સાહન નિધિના ઉપક્રમે વાર્તાલેખિકાઓ માટે તા.૨૩ માર્ચ ૨૦૧૪ને રવિવારે એક દિવસીય વાર્તાશિબિર યોજાઈ હતી. ત્યારબાદ લખાયેલી પંચાવન વાર્તાના પઠન અને ચર્ચા તા.૧૮મે, ૨૦૧૪ને રવિવારે થયા હતા. તેના અનુસંધાને શ્રી રાજસોભાગ આશ્રમ, સાયલાના સહયોગથી ત્રિદિવસીય વાર્તાશિબિર તા.૨૦-૨૧-૨૨ જૂન, ૨૦૧૪ના દિવસોમાં યોજાઈ. આ સમગ્ર પ્રકલ્પમાં માર્ગદર્શક તરીકે શ્રી રમેશ ર. દવે, શ્રી કિરીટ દૂધાત અને શ્રી બિન્દુ ભટ્ટ જોડાયા છે. સંયોજન શ્રી પારુલ કં. દેસાઈ અને શ્રી પ્રજ્ઞા પટેલે કર્યું. સાયલા શિબિરનાં આયોજન માટે શ્રી ચન્દ્રકાન્તભાઈ વ્યાસે સક્રિય રસ લીધો હતો.

શિબિરની ફલશ્રુતિ રૂપે શિબિરાર્થીઓ એક મહિનામાં વાર્તા લખીને મોકલાવશે અને માર્ગદર્શકો તેને તપાસશે.

દર મહિને આ નિધિના ઉપક્રમે બહેનો મળે છે અને શ્રી રમેશ ર. દવે, શ્રી કિરીટ દૂધાત અને શ્રી બિન્દુ ભટ્ટના માર્ગદર્શન હેઠળ મૌલિક, અપ્રકાશિત વાર્તાઓ વંચાય છે અને ચર્ચા થાય છે.

- ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા જન્મશતાબ્દી વ્યાખ્યાનમાળાનું આયોજન થયું છે.

જન્મશતાબ્દી વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૨૬/૭/૨૦૧૪ના રોજ ગુજરાતી ભાષાના ઉચ્ચકોટિના વિવેચક શ્રી અનંતરાય રાવળનાં વિવેચન વિશે પહેલું વ્યાખ્યાન પરિષદ પ્રમુખશ્રી ધીરુ પરીખે આપ્યું હતું.

જન્મશતાબ્દી વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૨૩/૯/૨૦૧૪ના રોજ મૂર્ધન્ય સાહિત્યકાર મુકુન્દરાય પારાશર્ય વિશે શ્રી રમેશ ર. દવેએ વ્યાખ્યાન આપ્યું હતું.

**—પારુલ કં. દેસાઈ**




**મુકુન્દ પારાશર્યના સર્જન વિશે વ્યાખ્યાન આપતા શ્રી રમેશ દવે**

## (૯)

# ચી.મં. ગ્રંથાલય પરિચય અને પ્રવૃત્તિ

### ગ્રંથાલયનો પરિચય :

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી.મં. ગ્રંથાલયની સ્થાપના ૧૭ માર્ચ, ૧૯૮૦માં થઈ છે. આ ગ્રંથાલયમાં અત્યારે ૮૦,૦૦૦ પુસ્તકો ઉપલબ્ધ છે. જેમાં ૧૪૮૯ દુર્લભ પુસ્તકો, ૮૨૪૩ હસ્તપ્રતો, ૭૮ જેવા સાહિત્યના સામયિકોની ફાઈલો અને ૧૬૦ સાહિત્યકારોના ફોટોગ્રાફ છે. ગ્રંથાલયમાં પુસ્તકો ભેટ મળેલા છે. જેમકે બાલુભાઈ પારેખ, નગીનદાસ પારેખ, રા.વિ. પાઠકના પુસ્તકો સહિત ૧૪ કબાટો અને નિરંજન ભગતનાં પુસ્તકો સહિત ૧૦ કબાટો ભેટ મળેલા છે. જેને સંદર્ભ તરીકે અલગ રાખેલા છે. ગ્રંથાલયમાં વિવિધ પ્રકારના વાચકો જેવા કે એમ.એ., એમ.ફીલ, પીએચ.ડી. તેમજ સંશોધકો પોતાને જોઈતાં પુસ્તકો અને સંદર્ભ સેવા મેળવે છે. આ ગ્રંથાલય સંશોધનના ઉત્તમ ગ્રંથાલય તરીકે સેવા આપે છે.

શ્રી ધીરુભાઈ પરીખનાં ભેટ પુસ્તકો, સ્વ.શ્રી અનંતરાય રાવળનાં ભેટ પુસ્તકો અને સ્વશ્રી રમણલાલ જોશીનાં ભેટ પુસ્તકો મળ્યાં છે. (તમામ પુસ્તકો અદેય રાખ્યા છે)

### <u>ગ્રંથાલયના આકર્ષણો :</u>

- જગન મહેતાએ પાડેલા ૧૬૦ સાહિત્યકારોના ફોટાનો સંગ્રહ ગ્રંથાલય પાસે છે.
- નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયાની ડાયરી (હસ્તપ્રત) ગ્રંથાલય પાસે છે.
- સિતેર હજાર પુસ્તકો ધરાવતા આ પુસ્તકાલયનું સંપૂર્ણ ડિઝીટ્લાઈઝેશન કરવામાં આવ્યું છે.
- આજીવન સભ્યો પાસવર્ડ દ્વારા ઘેર બેઠા પુસ્તકાલયની યાદી જોઈ શકે છે.
- સવાસો વર્ષ જૂના સંદર્ભ પુસ્તકો ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.
- સવાસો વર્ષ જૂનાં અલભ્ય સામયિકોની સંદર્ભ સેવા ઉપલબ્ધ છે.
- બાળ વિભાગ અંતર્ગત બાળકોને નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવે છે. બાળકો માટે રમતના જ્ઞાનના સાધનો ઉપરાંત કેટલીક ચિત્રોની સીડી પણ જોવા મળી શકે છે. વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે. રાષ્ટ્રીય ગ્રંથસપ્તાહ નિમિત્તે વિવિધ કાર્યક્રમો પણ યોજાય છે.



### ગ્રંથાલયની પ્રવૃત્તિઓ :

- ચી.મં. ગ્રંથાલયના સાઈઠ હજાર પુસ્તકોની યાદી લોગ-ઈન દ્વારા પુસ્તકોના શીર્ષકો હવે આપ લેખકના નામ દ્વારા પુસ્તકના નામ દ્વારા અથવા પુસ્તકના પ્રકાર દ્વારા ઘેર બેઠાં જ જાણી શકશો. આ સેવા નિઃશુલ્ક છે.

  જેની વેબસાઈટ http//gujaratisahityaparishad.com/library/ છે. ઈમેલ દ્વારા પુસ્તકો રીન્યુ થઈ શકે છે.
- વર્ષ દરમિયાન લગભગ કુલ ૪૭૨ જેટલા નવા સભ્યો બને છે. ૭૯૪ આજીવન સભ્યો છે.
- સામાયિકોનું ડિઝીટ્લાઈઝેશન થઈ ગયું છે અને તેનું રી-બાઈન્ડીંગનું કામ ચાલુ છે.
- રા.રા.રા.લા.ફાની આર્થિક સહાયથી ગ્રંથાલય માટે ઝેરોક્ષમશીન ઉપલબ્ધ છે.
- વર્ષ ૨૦૧૪-૧૫ની નિભાવ ગ્રાન્ટ માટે અરજી કરી.
- સ્વ. મોતીભાઈ અમીન શ્રેષ્ઠ ગ્રંથાલય ઍવૉર્ડ માટે ગ્રંથાલય નિયામકની કચેરીમાં અરજી કરી.
- અમદાવાદ મ્યુ. કોર્પોરેશન આયોજિત તા.૧લીમેથી ૭મી મેના દિવસોમાં પુસ્તકમેળાનું આયોજન અને પ્રદર્શન યોજાયું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટની લિન્ક પરથી ગ્રંથાલયનો ઉપયોગ પુસ્તકો રીન્યુ કરવા, પુસ્તકોની માહિતી મેળવવી.
- ‘રાષ્ટ્રીયગ્રંથ સપ્તાહ’ની ઊજવણી દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ તેમજ સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.
- ૨૦૧૫ વર્ષ દરમિયાન સ્વરૂપ પ્રમાણે પુસ્તકમેળો/પ્રદર્શન કરવાનું આયોજન છે.

**— કીર્તિદા શાહ**

## (૭)
## રવીન્દ્રભવન

- તા.૮/૧/૨૦૧૪ના રોજ શ્રી અરવિંદ અને ટાગોરની કાવ્યસૃષ્ટિ વિશે શ્રી રાજેન્દ્ર પટેલે વ્યાખ્યાન આપ્યું.
- તા.૫/૨/૨૦૧૪ના રોજ ટાગોરના કાવ્યો 'બલાકાથી પ્રાન્તિક' વિશે શ્રી નિરંજન ભગતે વ્યાખ્યાન આપ્યું.
- તા.૪/૩/૨૦૧૪ના રોજ ટાગોરના કાવ્યો 'પ્રથમ દિનેર સૂર્ય' વિશે શ્રી શૈલેશ પારેખનું વ્યાખ્યાન યોજાયું હતું.
- તા.૧૭/૪/૨૦૧૪ના રોજ શ્રી સુજ્ઞા શાહ અને શૈલેશ પારેખે વાર્તાઓનું વાચિકમ્ કર્યું હતું.
- તા.૭/૫/૨૦૧૪ના રોજ રવીન્દ્રનાથ ટાગોરની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે શ્રી સુજ્ઞા શાહ પ્રસ્તુત 'રવીન્દ્રસંગીત'નો કાર્યક્રમ યોજાયો હતો.
- તા.૨/૭/૨૦૧૪ના રોજ ટાગોરના કાવ્યસંગ્રહો 'નવજાતક' અને 'સાનાઈ'નાં કાવ્યો વિશે શ્રી નિરંજન ભગતનું વ્યાખ્યાન અને શ્રી શૈલેશ પારેખ દ્વારા કાવ્ય પઠન યોજાયું હતું.
- તા.૮/૮/૨૦૧૪ના રોજ ટાગોરનું ભારતદર્શન વિશે શ્રી શૈલેશ પારેખ, શ્રી રાજેન્દ્ર પટેલ, શ્રી અનિલા દલાલ અને શ્રી સુજ્ઞા શાહ, શ્રી નિરંજન ભગતે વક્તવ્યો આપ્યા હતા.
- તા.૧૨/૧૧/૨૦૧૪ના રોજ 'ગીતાંજલિ : ભક્તિમય અનુભૂતિ' સંગીતમય પ્રસ્તુતિ વિશે શ્રી શૈલેશ પારેખનો વાર્તાલાપ યોજાયો હતો.



## (૮)
## શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

- **માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ**

શ્રી ક.લા. સ્વાધ્યાયમંદિર અને ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્ર દ્વારા માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમની ૧૧મી બેચ તા.૧૬/૧/૨૦૧૪થી ૧/૨/૨૦૧૪ દરમ્યાન યોજાઈ જેમાં ૬૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આગામી નવી બેચ તા.૨/૨/૨૦૧૫થી યોજાશે.

ગુજરાતી સાહિત્ય પરિષદ અને મહિલા આર્ટ્સ કૉલેજ, ગોંડલના સંયુક્ત ઉપક્રમે ગુજરાતીના અધ્યાપકો માટે ચાર દિવસની 'માતૃભાષા સજ્જતા શિબિર'નું આયોજન થયું હતું. તેમાં સૌરાષ્ટ્રની વિવિધ કૉલેજના ૩૦ અધ્યાપકો જોડાયા હતા.

એકેડેમિક સ્ટાફ કૉલેજ, ગુજરાત યુનિવર્સિટીએ માતૃભાષા સજ્જતા માટે બે શોર્ટટર્મ કોર્સ કરવાનું સ્વીકાર્યું છે, તેનું આયોજન હવે થશે.

આગામી ફેબ્રુઆરી માસમાં 'માતૃભાષા દિન' નિમિત્તે શાળા-કૉલેજોમાં વિવિધ કાર્યક્રમો કરવાનું આયોજન છે.



**પરિષદના કાર્યક્રમમાં શ્રોતાગણ**

## (૯)

# વિશિષ્ટ કાર્યક્રમો

## 'પાક્ષિકી'

દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરુવારે યોજાય છે. જેમાં વાર્તાકાર અપ્રગટ વાર્તા વાંચે અને ઉપસ્થિત ભાવકો પ્રતિભાવ આપે વાર્તા મૌલિક કે અનુવાદિત હોય શકે. મુખ્યત્વે કોઈ પણ સાહિત્ય સ્વરૂપ હોઈ શકે.

- તા.૨/૧/૨૦૧૪ના રોજ શ્રી જિગ્નેશ બ્રહ્મભટ્ટે 'કંઈ પણ બની શકે' વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૧૬/૧/૨૦૧૪ના રોજ શ્રી બિપીન પટેલે સર્જક શ્રી રઘુવીર ચૌધરીની વાર્તા 'સાંકળ'નો આસ્વાદ કરાવ્યો હતો. 'શોધ મારું સરનામું' હરદ્વાર ગોસ્વામીએ એકપાત્રીય અભિનય રજૂ કરતી કૃતિનું પઠન કર્યું હતું.
- તા.૬/૨/૨૦૧૪ના રોજ વાર્તાકાર શ્રી કિરીટ દૂધાતે સર્જક વીનેશ અંતાણીની વાર્તા 'સત્તાવીશ વર્ષની છોકરી' વિશે આસ્વાદલક્ષી વક્તવ્ય આપ્યું. વાર્તાકાર શ્રી પ્રભુદાસ પટેલે 'ફારગતી' વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૨૦/૨/૨૦૧૪ના રોજ શ્રી કનૈયાલાલ ભટ્ટે 'કલ્પવૃક્ષ' વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૨૦/૩/૨૦૧૪ના રોજ વાર્તાકાર શ્રી કિરીટ દૂધાતે બિન્દુ ભટ્ટની વાર્તા 'આંતર સેવો'નો આસ્વાદ કરાવ્યો હતો. અને શ્રી દક્ષાબહેન પટેલે તેલુગુ લેખક વી.ચંદ્રશેખર રાવની 'અગનપંખી રાતુ સપનું લુપ્ત થતી જતી જાતિઓની'નું વાર્તા પઠન કર્યું હતું.
- તા.૩/૪/૨૦૧૪ના રોજ શ્રી રાજેન્દ્ર પટેલે શ્રી મોહન પરમારની વાર્તા 'વરસાદ'નો આસ્વાદ કરાવ્યો હતો અને શ્રી વિજય સોનીએ મૌલિક વાર્તા 'વૉર્ડ નં.૬'નું પઠન કર્યું હતું.
- તા.૧૭/૪/૨૦૧૪ના રોજ શ્રી હસમુખ રાવલે 'પ્રેત યોનિ'વાર્તા વાંચી હતી અને વાર્તાસંદર્ભની ચર્ચામાં શ્રી રમેશ દવેએ વાર્તાની ખૂબીઓની ચર્ચા કરી હતી. આ ઉપરાંત બિપીન પટેલે સર્જક શ્રી કિરીટ દૂધાતની 'એક બપોરે'વાર્તાનું રસદર્શન કરાવ્યું હતું.
- તા.૧/૫/૨૦૧૪ના રોજ શ્રી હરીશ ખત્રીએ શ્રી રમેશ દવેની વાર્તા 'આસમાની'નો



આસ્વાદ કરાવ્યો હતો. અને શ્રી પૂજા તત્સતે 'અવાજો'વાર્તાનું પઠન કર્યું હતું.

- તા.૫/૬/૨૦૧૪ના રોજ શ્રી વીનેશ અંતાણીની 'કૌશિકીની વિદાય' વાર્તાનું પઠન શ્રી પુષ્પાબહેન અંતાણીએ કર્યું હતું.
- તા.૧૯/૬/૨૦૧૪ના રોજ શ્રી રાઘવજી માધડે 'હરિના જન' વાર્તાનું પઠન કર્યું હતું અને વાર્તાકાર શ્રી કિરીટ દૂધાતે શ્રી બિપીન પટેલની વાર્તાનો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૩/૭/૨૦૧૪ના રોજ શ્રી રક્ષા શુક્લએ 'એન્ડ્રોઈડ'વાર્તાનું પઠન કર્યું હતું અને શ્રી સાગર શાહે શ્રી જિજ્ઞેશ બ્રહ્મભટ્ટની વાર્તા 'નૈનમ દહતિ પાવક'નો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૧૭/૭/૨૦૧૪ના રોજ શ્રી દીનાબહેન પંડ્યાએ પોતાની 'વ્યામોહ' વાર્તાનું પઠન કર્યું અને શ્રી પારુલ કં. દેસાઈએ શ્રી અનિલ વ્યાસની વાર્તા 'તરાપો'નો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૨૧/૮/૨૦૧૪ના રોજ શ્રી અંજલી ખાંડવાળાએ વાર્તાનું પઠન કર્યું હતું અને શ્રી અજયસિંહ ચૌહાણે શ્રી દશરથ પરમારની વાર્તાનો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૪/૯/૨૦૧૪ના રોજ શ્રી પ્રફુલ્લ રાવલે 'શીલાએ જાણ્યું અને...'વાર્તાનું પઠન કર્યું હતુ અને શ્રી દીવાન ઠાકોરે શ્રી ગિરીશ ભટ્ટની વાર્તા 'સુગંધ'નો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૧૮/૯/૨૦૧૪ના રોજ શ્રી આરતી પટેલે 'માનવતાના ખાતેદાર' વાર્તાનું પઠન કર્યું હતું અને શ્રી કિરીટ દૂધાતે શ્રી જનક ત્રિવેદીની વાર્તા 'ચક્કર'નો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૨/૧૦/૨૦૧૪ના રોજ શ્રી મણિલાલ હ. પટેલે 'રાજીખુશીથી પરણી ગયા છીએ' વાર્તાનું પઠન કર્યું હતું અને શ્રી દીવાન ઠાકોરે શ્રી સંજય ચૌહાણની વાર્તા 'લાશ'નો આસ્વાદ કરાવ્યો હતો.
- તા.૧૬/૧૦/૨૦૧૪ના રોજ શ્રી બિપીન પટેલે અમેરિકી વાર્તાકાર રેમન્ડ કાર્વરની વાર્તા 'ધે આર નૉટ હસબંડ્સ'નો અનુવાદ વાંચ્યો હતો અને વાર્તાની રસપ્રદ ચર્ચા કરી હતી.
- તા.૬/૧૧/૨૦૧૪ના રોજ શ્રી ચિનુ મોદીએ સ્વરચિત વાર્તાનું પઠન અને ચર્ચા કરી.
- તા.૨૦/૧૧/૨૦૧૪ના રોજ શ્રી પારુલ કં. દેસાઈએ સ્વરચિત વાર્તાનું પઠન અને ચર્ચા કરી.

## બુધસભા/વિશ્વકવિતા કેન્દ્ર

દર બુધવારે રાત્રે ૭.૦૦થી ૮.૦૦ વાગે કાવ્ય-કાર્યશાળા શ્રી ધીરુ પરીખના માર્ગદર્શન હેઠળ યોજાય છે.

- તા.૧૨/૩/૨૦૧૪ના રોજ હેમંત દેસાઈની કવિતાને અનુલક્ષીને શ્રી હરિકૃષ્ણ પાઠકે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૨૬/૩/૨૦૧૪ના રોજ શ્રી ધીરુ પરીખે 'ભગવદ્ગીતા : એક કાવ્ય' એ વિષયનું પાંચમું વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૩૦/૪/૨૦૧૪ના રોજ શ્રી ધીરુ પરીખે 'ભગવદ્ગીતા : એક કાવ્ય' એ વિષયનું છઠ્ઠુ વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૭/૫/૨૦૧૪ના રોજ બુધસભા ગુજરાતી સાહિત્ય પરિષદને બદલે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન આયોજિત 'નેશનલ બુક ફેર'માં યોજાઈ હતી.
- તા.૨૮/૫/૨૦૧૪ના રોજ શ્રી ધીરુ પરીખે 'ભગવદ્ગીતા : એક કાવ્ય' એ વિષયનું સાતમું વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૨૫/૬/૨૦૧૪ના રોજ શ્રી ધીરુ પરીખે 'ભગવદ્ગીતા : એક કાવ્ય' એ વિષયનું આઠમું વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૩૦/૭/૨૦૧૪ના રોજ શ્રી ધીરુ પરીખે 'ભગવદ્ગીતા : એક કાવ્ય' એ વિષયનું નવમું વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૨૭/૮/૨૦૧૪ના રોજ શ્રી હર્ષ બ્રહ્મભટ્ટની અધ્યક્ષતામાં ગીત વિશે શ્રી હરદ્વાર ગોસ્વામી, ગઝલ વિશે શ્રી અનિલ ચાવડા અને અછાંદસ વિશે શ્રી રમેશ દરજીએ ચર્ચા કરી હતી અને ભાવકો સાથે ગોષ્ઠી કરી હતી. આ ચર્ચા સભાનું આયોજન પ્રવીણ પંડ્યા કર્યું હતું.
- તા.૨૪/૯/૨૦૧૪ના રોજ બુધસભા અંતર્ગત ચર્ચાસભાનું આયોજન થયું હતું.
- તા.૨૬/૧૧/૨૦૧૪ના રોજ બુધસભા અંતર્ગત શ્રી ધીરુ પરીખે 'ભગવદ્ગીતા : એક કાવ્ય' એ વિષયનું દસમું વ્યાખ્યાન આપ્યું હતું.
- ધીરુભાઈ પરીખ અમેરિકા ગયા તે દરમિયાન બુધસભાનું સંચાલન પ્રવીણ પંડ્યા અને પ્રફુલ્લ રાવલે કર્યું હતું.



## એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ

દર મહિનાનાં પ્રથમ સોમવારે બહેનો માટેની સાહિત્યિક પ્રવૃત્તિઓ યોજાય છે.

- ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ' અંતર્ગત લેખિકાઓએ લખેલાં ૨૦ નાટકોના પરિષદ-પ્રકાશિત પુસ્તકનો સત્કારસમારંભ તા.૨૨/૧૨/૨૦૧૩ના રોજ યોજાયો હતો.
- ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત એની સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ અને રાજસોભાગ આશ્રમ, સાયલાના સંયુક્ત ઉપક્રમે વાર્તાલેખિકાઓ માટે એક શિબિર યોજવામાં આવ્યો હતો. તા.૨૦-૨૧-૨૨ જૂન,૨૦૧૪ના રોજ યોજાયેલ આ ત્રિદિવસીય વાર્તાશિબિરમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાં લેખિકાઓ ઉપસ્થિત રહી હતી.

## આપણો કવિતાવારસો

- ગુજરાતી સાહિત્ય પરિષદ કાવ્યરસિકો ગુજરાતી ભાષાની કાવ્યસમૃદ્ધિનો આસ્વાદ લઈ શકે તથા નવી પેઢીની કાવ્યરુચિનું સંવર્ધન થઈ શકે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરે છે તા.૧૨/૭/૨૦૧૪ના રોજ શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીને' પોતાની કવિતાસર્જનયાત્રા વિશે વક્તવ્ય આપ્યું હતું.
- આપણો કવિતાવારસો અંતર્ગત તા.૧૨/૧૦/૨૦૧૪ના રોજ શ્રી હર્ષ બ્રહ્મભટ્ટનો કાવ્યપઠનનો કાર્યક્રમ યોજાયો હતો.
- આપણો કવિતાવારસો અંતર્ગત લેંગ લાઇબ્રેરી ટ્રસ્ટ સંચાલિત શ્રી અરવિંદભાઈ મણિયાર પુસ્તકાલય, રાજકોટના સહયોગથી તા.૩૦/૧૧/૨૦૧૪ના રોજ શ્રી મનોહર ત્રિવેદીનો કાવ્યપઠનનો કાર્યક્રમ યોજાયો હતો.

## ગુજરાતી સાહિત્ય પરિષદ પરિસરમાં આયોજિત વિવિધ કાર્યક્રમો

| ક્રમ | પ્રવૃત્તિ | સમય | સંયોજક | આયોજન | કાર્યપદ્ધતિ |
|---|---|---|---|---|---|
| ૦૧ | પાક્ષિકી | દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરુવારે | દીવાન ઠાકોર ૯૯૧૩૩૯૭૬૨૪ | પરિષદ | વાર્તાકાર અપ્રગટ વાર્તા વાંચે અને ઉપસ્થિત ભાવકો પ્રતિભાવ આપે વાર્તા મૌલિક કે અનુવાદિત હોય શકે. મુખ્યત્વે કોઈ પણ સાહિત્ય સ્વરૂપ હોઈ શકે. |
| ૦૨ | બુધસભા | દર બુધવારે | ધીરુભાઈ પરીખ | પરિષદ | કાવ્યશાળા, બુધસભાની પરંપરા મુજબ |
| ૦૩ | રવીન્દ્રભવન | દર માસનો પ્રથમ બુધવાર | શૈલેશ પારેખ | પરિષદ | રવીન્દ્રનાથના જીવન-કવન વિષે કાર્યક્રમ |
| ૦૪ | એનીબેન સરૈયા લેખિકાનિધિ | દર મહિનાનો બીજો સોમવાર | પ્રજ્ઞા પટેલ/પારુલ દેસાઈ ૯૮૨૫૪૩૮૩૯૪ | પરિષદ ક.લા. | બહેનો માટેની સાહિત્યિક પ્રવૃત્તિઓ |
| ૦૫ | પત્રકારત્વ અભ્યાસક્રમ | દર અઠવાડિયાના શનિ-રવિ | દૃષ્ટિ પટેલ ૯૯૨૫૩૮૫૧૫૦ | પરિષદ ક.લા. | પ્રમાણપત્ર કોર્સ |
| ૦૬ | અનુવાદ અભ્યાસક્રમ | દર અઠવાડિયાના શનિ-રવિ | પારુલ કં. દેસાઈ ૯૪૨૭૦૨૧૦૪૮ | પરિષદ ક.લા. | પ્રમાણપત્ર કોર્સ |
| ૦૭ | માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર | વર્ષમાં બે વખત | પારુલ કં. દેસાઈ | પરિષદ | પ્રમાણપત્ર કોર્સ |
| ૦૮ | પ્રૂફવાચન પ્રમાણપત્ર | વર્ષમાં એક વખત | પારુલ કં. દેસાઈ કિશોરી ચંદારાણા | પરિષદ | પ્રમાણપત્ર કોર્સ |
| ૦૯ | વેબસાઈટ અને નેટ અંતર્ગત કામ | અવિરત | રૂપલ મહેતા ૯૮૨૪૦૩૩૫૮૦ | પરિષદ | સાહિત્યને લગતી માહિતી |

## ગુજરાતી સાહિત્ય પરિષદમાં વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ દાનની વિગત (૧૧)

### પરબ અપીલ પેટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | અભિરુચિ | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૨. | ડૉ. ગિરીશ બી. શાહ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૩. | ઇલ્યાસ રેલ્વેવાળા | સૂરત | ૨,૫૦૧/- |
| ૪. | કિરીટ ગાંધી | સૂરત | ૧૦,૦૦૦/- |
| ૫. | વિભૂતિબેન ઉમરવાડિયા | વલસાડ | ૨,૫૦૧/- |
| ૬. | નવીનચંદ્ર અજમેરા | અમદાવાદ | ૪,૦૦૦/- |
| ૭. | રમણીક પી. પીઠડીયા | પુના | ૧,૦૦૦/- |
| ૮. | નવીનચંદ્ર સી. મોદી | નવસારી | ૧૦૦૧/- |

### સાદું દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | ભારતી પી. મોદી | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૨. | કલ્પવૃક્ષ સોલ્યુશન | અમદાવાદ | ૫૦,૦૦૦/- |
| ૩. | ઉષ્મા ફાઉન્ડેશન | અમદાવાદ | ૪,૦૦૦/- |
| ૪. | હિમાંશી ચંપકલાલ સોપારીવાલા | સૂરત | ૩,૦૦૦/- |
| ૫. | પ્રિયાંશી પટેલ | અમદાવાદ | ૧૨,૦૦૦/- |

### સ્થાયી ફંડ

| | | | |
|---|---|---|---|
| ૧. | લાલભાઈ એન્ડ શંકુતલા ચેરિટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૧૧,૧૧૧/- |
| ૨. | સોશિયલ વર્ક્સ ટ્રસ્ટ | ગાંધીનગર | ૫,૦૦,૦૦૦/- |

### પુસ્તક પ્રકાશન

| | | | |
|---|---|---|---|
| ૧. | સુકુમાર એમ. પરીખ | અમદાવાદ | ૪૦,૦૦૦/- |
| ૨. | જયંત પંડ્યા | મુંબઈ | ૨૫,૦૦૦/- |
| ૩. | ભાનુમતી દેસાઈ | રાજકોટ | ૨,૦૦,૦૦૦/- |

## દર વર્ષે વ્યાખ્યાન

| | | | |
|---|---|---|---|
| ૧. | એન.એસ. પટેલ આર્ટ્સ કૉલેજ | આણંદ | ૧,૦૦,૦૦૦/- |

## વિવિધ પ્રવૃત્તિઓ માટે

| | | | |
|---|---|---|---|
| ૧. | ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ ઍન્ડ કેમિકલ (જીએસએફસી) | વડોદરા | ૨,૦૦,૦૦૦/- |
| ૨. | સીતારામ સેવા ટ્રસ્ટ | તલગાજરડા | ૫૦,૦૦૦/- |
| ૩. | ભારતીબેન દેસાઈ | સૂરત | ૫૦,૦૦૦/- |
| ૪. | ઈન્ફાયમ ટોયોટો | અમદાવાદ | ૧,૨૫,૦૦૦/- |

## રવીન્દ્રભવન માટે દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | સુકુમાર એમ. પરીખ | અમદાવાદ | ૨૫૦૦/- |



# (૧૨)
# શ્રદ્ધાંજલિ

- ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, પીર મહમદશાં લાયબ્રેરી ઍન્ડ રીસર્ચ સેન્ટર, ગુજરાતી સાહિત્ય સભા, કુમાર ટ્રસ્ટ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સર્વશ્રી વારિસ અલવીસાહેબ, ઈલાબહેન પાઠક, રતિલાલ દવે અને નગીનભાઈ શાહને તા.૨૧/૧/૨૦૧૪ના રોજ શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

## અવસાન નોંધ-૨૦૧૪

| | | |
|---|---|---|
| ૧. | દિલીપ ગઢવી | ૦૨/૧/૨૦૧૪ |
| ૨. | નગીનદાસ શાહ | ૦૪/૧/૨૦૧૪ |
| ૩. | વારિસ અલવી | ૦૯/૧/૨૦૧૪ |
| ૪. | ઈલાબહેન પાઠક | ૦૯/૧/૨૦૧૪ |
| ૫. | રતિલાલ દવે | ૧૨/૧/૨૦૧૪ |
| ૬. | ધીરુભાઈ ઠાકર | ૨૩/૧/૨૦૧૪ |
| ૭. | સુરેશ ઓઝા | ૩૦/૧/૨૦૧૪ |
| ૮. | ડૉ. દુર્ગેશકુમાર એન. ભટ્ટ | ૧૨/૨/૨૦૧૪ |
| ૯. | નૂતન જાની | ૧૨/૨/૨૦૧૪ |
| ૧૦. | શ્રેણીકભાઈ શેઠ | ૧૯/૬/૨૦૧૪ |
| ૧૧. | નાનક મેઘાણી | ૨૦/૭/૨૦૧૪ |
| ૧૨. | હરિપ્રસાદ ગં. શાસ્ત્રી | ૦૯/૮/૨૦૧૪ |

# ૨૮મું જ્ઞાનસત્ર, ઇન્દોર
## ૧૯-૨૦-૨૧ ડિસેમ્બર, ૨૦૧૪

**: ઉદ્‌ઘાટન બેઠક :**

**તા.૧૯/૧૨/૨૦૧૪, શુક્રવાર, સવારે ૧૧.૦૦ થી ૧.૦૦**

ગીત : સંગીતવૃંદ
સ્વાગત : ડૉ. દિવાકર શાહ
શ્રી પંકજભાઈ સંઘવી
ઉદ્‌ઘાટક/અતિથિ : શ્રી ચંદ્રકાન્ત દેવતાલે
શ્રી સરોજકુમાર જૈન
અધ્યક્ષ : શ્રી ધીરુ પરીખ
પ્રમુખશ્રીનો પરિચય : શ્રી પ્રફુલ્લ રાવલ
પ્રાસંગિક : શ્રી રઘુવીર ચૌધરી, હર્ષ બ્રહ્મભટ્ટ
પરિષદનો અહેવાલ : શ્રી પ્રફુલ્લ રાવલ (મહામંત્રી)
આભાર : શ્રી રાજેન્દ્ર પટેલ
સંચાલન : શ્રી પ્રફુલ્લ રાવલ

**: : બીજી બેઠક : :**

**તા.૧૯/૧૨/૨૦૧૪, શુક્રવાર, બપોરે ૨.૩૦થી ૫.૦૦**
**સર્જકનું પુનઃમૂલ્યાંકન : બકુલ ત્રિપાઠી**

અધ્યક્ષ : શ્રી હસિત મહેતા
(બકુલ ત્રિપાઠીના લલિત-હાસ્યનિબંધો)
અતિથિ વિશેષ : શ્રી રતિલાલ બોરીસાગર
બકુલ ત્રિપાઠીના સાહિત્યમાં રાજકીય કટાક્ષ : શ્રી ઉર્વીશ કોઠારી
બકુલ ત્રિપાઠીની હાસ્યરચનાઓ : શ્રી રવીન્દ્ર પારેખ
સંચાલન : શ્રી જનક નાયક

**બકુલ ત્રિપાઠીનો સાક્ષાત્કાર (દશ્ય-શ્રાવ્ય) : ડૉ. દિવાકર શાહ**



**: : ત્રીજી બેઠક : :**

**તા. ૧૯/૧૨/૨૦૧૪, શુક્રવાર રાત્રે ૭.૩૦થી ૮.૩૦**
**પારિતોષિક વિતરણ**

અધ્યક્ષ : શ્રી ધીરુ પરીખ
સંચાલન : શ્રી ઉષા ઉપાધ્યાય

**: : ચોથી બેઠક : :**

**તા. ૧૯/૧૨/૨૦૧૪, શુક્રવાર રાત્રે**

**આસ્વાદ**

બકુલ ત્રિપાઠીનો હાસ્યદરબાર : શ્રી ગુણવંત વ્યાસ

▫

**તા.૨૦/૧૨/૨૦૧૪, શનિવાર, સવારે ૮.૦૦થી ૯.૦૦**
**મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક**

**: : પાંચમી બેઠક : :**

**તા.૨૦/૧૨/૨૦૧૪, શનિવાર, સવારે ૧૦.૦૦થી ૧.૦૦**
**બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૨-૨૦૧૩)**

અધ્યક્ષ : શ્રી મનસુખ સલ્લા
કવિતા : શ્રી સુધાબેન ચૌહાણ
નાટક : શ્રી પ્રભુદાસ પટેલ
વિવેચન : શ્રી હેતલ ગાંધી
ચરિત્ર-સાહિત્ય : શ્રી પ્રશાંત પટેલ
અનુવાદ : શ્રી દર્શના ત્રિવેદી
સંચાલન : શ્રી નીતિન વડગામા

**: : છઠ્ઠી બેઠક : :**

**તા.૨૦/૧૨/૨૦૧૪, શનિવાર, સમય ૩.૦૦થી ૬.૦૦**
**બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૨-૨૦૧૩)**

અધ્યક્ષ : શ્રી માધવ રામાનુજ
ટૂંકી વાર્તા : શ્રી દીવાન ઠાકોર
નવલકથા : શ્રી કેશુભાઈ દેસાઈ (૨૦૧૨)
શ્રી કનૈયાલાલ ભટ્ટ (૨૦૧૩)

| | | |
|---|---|---|
| નિબંધ | : | શ્રી કિશોરસિંહ સોલંકી |
| સંશોધન-સંપાદન | : | શ્રી પિંકી પંડ્યા |
| બાળસાહિત્ય | : | શ્રી મીનાક્ષી ચંદારાણા |
| સંચાલન | : | શ્રી કીર્તિદા શાહ |

**: : સાતમી બેઠક : :**

**રાત્રે ૮.૩૦થી યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ**
**ઈન્દોરના સર્જકો સાથે મુલાકાત**
**પુસ્તકમિત્રોનું સન્માન : શ્રી રઘુવીર ચૌધરી**
Last Appointment - **નાટકની ભજવણી**

**: : આઠમી બેઠક : :**
**તાઃ૨૧/૧૨/૨૦૧૪, રવિવાર સવારે ૯.૦૦થી ૧૧.૩૦**

**સાહિત્ય સ્વરૂપ : નવી સદીનાં નાટકો : પ્રવાહો અને પડકારો**

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | શ્રી મહેશ ચંપકલાલ |
| અતિથિ વિશેષ | : | શ્રી સતીશ વ્યાસ |
| બદલાતું નેપથ્ય | : | શ્રી પ્રવીણ પંડ્યા, |
| ઐતિહાસિક-પૌરાણિક અને ચરિત્રકેન્દ્રી નાટકો, નવી સદીમાં | : | શ્રી ધ્વનિલ પારેખ, |
| ‘નવી’ સદીમાં ‘જૂનાં’ નાટકો | : | શ્રી મહેન્દ્રસિંહ પરમાર |
| સંચાલન | : | શ્રી અજયસિંહ ચૌહાણ |

**: : નવમી સમાપન બેઠક : :**
**તાઃ૨૧/૧૨/૨૦૧૪, રવિવાર બપોરે ૧૧.૩૦થી ૧૨.૩૦**

| | | |
|---|---|---|
| આભારદર્શન | : | યજમાન સંસ્થા વતી |
| ગુજરાતી સાહિત્ય પરિષદ વતી | : | શ્રી પ્રફુલ્લ રાવલ, મહામંત્રી |



## ગુજરાતી સાહિત્ય પરિષદનાં જ્ઞાનસત્રો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | મોડાસા | ૨૭ | ઑક્ટોબર | ૧૯૬૦ |
| ૨. | દાહોદ | ૨૧ | ઑક્ટોબર | ૧૯૬૨ |
| ૩. | વાડાશિનોર | ૨૫ | ઑક્ટોબર | ૧૯૬૪ |
| ૪. | દ્વારકા | ૨૯ | ઑક્ટોબર | ૧૯૬૬ |
| ૫. | શારદાગ્રામ | ૧ | નવેમ્બર | ૧૯૬૮ |
| ૬. | ઈડર | ૨૩ | ઑક્ટોબર | ૧૯૭૦ |
| ૭. | સંસ્કારતીર્થ (આજોલ) | ૨૯ | ડિસેમ્બર | ૧૯૭૨ |
| ૮. | કાંદિવલી (મુંબઈ) | ૩ | જાન્યુઆરી | ૧૯૭૪ |
| ૯. | અલિયાબાડા | ૫ | નવેમ્બર | ૧૯૭૬ |
| ૧૦. | ગ્રામભારતી (અમરાપુર) | ૩૦ | ડિસેમ્બર | ૧૯૭૮ |
| ૧૧. | લોકભારતી (સણોસરા) | ૨૭ | ડિસેમ્બર | ૧૯૮૦ |
| ૧૨. | વનસ્થલી-કણજોડ | ૬ | નવેમ્બર | ૧૯૮૨ |
| ૧૩. | લોકનિકેતન (રતનપુર) | ૨૬ | જાન્યુઆરી | ૧૯૮૪ |
| ૧૪. | અમરેલી | ૨૭ | ડિસેમ્બર | ૧૯૮૬ |
| ૧૫. | ભાવનગર | ૨૪ | ડિસેમ્બર | ૧૯૮૮ |
| ૧૬. | સાવલી | ૨૯ | ડિસેમ્બર | ૧૯૯૦ |
| ૧૭. | નવસારી | ૩૦ | જાન્યુઆરી | ૧૯૯૨ |
| ૧૮. | ભીમોર (ચોટીલા) | ૨૪ | ડિસેમ્બર | ૧૯૯૪ |
| ૧૯. | અમીરગઢ | ૨૮ | ડિસેમ્બર | ૧૯૯૬ |
| ૨૦. | રાધનપુર | ૨૫,૨૬,૨૭ | ડિસેમ્બર | ૧૯૯૮ |
| ૨૧. | સણાલી (દાંતા) | ૨૩,૨૪,૨૫ | ડિસેમ્બર | ૨૦૦૦ |
| ૨૨. | બારડોલી | ૨૭,૨૮,૨૯ | ડિસેમ્બર | ૨૦૦૨ |
| ૨૩. | વલ્લભવિદ્યાનગર | ૨૫,૨૬ | ડિસેમ્બર | ૨૦૦૪ |
| ૨૪. | માંડવી (કચ્છ) | ૨૩,૨૪,૨૫ | ડિસેમ્બર | ૨૦૦૬ |
| ૨૫. | કીમ (સુરત) | ૨૬,૨૭,૨૮ | ડિસેમ્બર | ૨૦૦૮ |
| ૨૬. | મોડાસા | ૨૪,૨૫,૨૬ | ડિસેમ્બર | ૨૦૧૦ |
| ૨૭. | સુરત | ૨૧,૨૨,૨૩ | ડિસેમ્બર | ૨૦૧૨ |
| ૨૮. | ઈન્દોર | ૧૯,૨૦,૨૧ | ડિસેમ્બર | ૨૦૧૪ |

***ઉપરોક્ત અહેવાલ તૈયાર કરવામાં નીચેની વ્યક્તિઓનો ફાળો રહ્યો છે.***
***મંત્રીશ્રી નીતિન વડગામા, શ્રી ઉષા ઉપાધ્યાય, શ્રી જનક નાયક, શ્રી કીર્તિદા શાહ,***
***શ્રી માધવ રામાનુજ, ટ્રસ્ટીશ્રી રૂપલ મહેતા, હર્ષ બ્રહ્મભટ્ટ, પાવન બકેરી,***
***કાર્યકારી નિયામક પારુલ કં. દેસાઈ, ઈતુભાઈ કુરકુટિયા તથા***
***કર્મચારીઓ ચન્દ્રકાન્ત ભાવસાર, રશ્મિકાન્ત દવે તથા જે તે પ્રવૃત્તિના સંયોજકો.***

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં જ્ઞાનસત્રો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | મોડાસા | ૨૭ | ઑક્ટોબર | ૧૯૬૦ |
| ૨. | દાહોદ | ૨૧ | ઑક્ટોબર | ૧૯૬૨ |
| ૩. | વાડાશિનોર | ૨૫ | ઑક્ટોબર | ૧૯૬૪ |
| ૪. | દ્વારકા | ૨૯ | ઑક્ટોબર | ૧૯૬૬ |
| ૫. | શારદાગ્રામ | ૧ | નવેમ્બર | ૧૯૬૮ |
| ૬. | ઈડર | ૨૩ | ઑક્ટોબર | ૧૯૭૦ |
| ૭. | સંસ્કારતીર્થ (આજોલ) | ૨૯ | ડિસેમ્બર | ૧૯૭૨ |
| ૮. | કાંદિવલી (મુંબઈ) | ૩ | જાન્યુઆરી | ૧૯૭૪ |
| ૯. | અલિયાબાડા | ૫ | નવેમ્બર | ૧૯૭૬ |
| ૧૦. | ગ્રામભારતી (અમરાપુર) | ૩૦ | ડિસેમ્બર | ૧૯૭૮ |
| ૧૧. | લોકભારતી (સણોસરા) | ૨૭ | ડિસેમ્બર | ૧૯૮૦ |
| ૧૨. | વનસ્થલી-કણજોડ | ૬ | નવેમ્બર | ૧૯૮૨ |
| ૧૩. | લોકનિકેતન (રતનપુર) | ૨૬ | જાન્યુઆરી | ૧૯૮૪ |
| ૧૪. | અમરેલી | ૨૭ | ડિસેમ્બર | ૧૯૮૬ |
| ૧૫. | ભાવનગર | ૨૪ | ડિસેમ્બર | ૧૯૮૮ |
| ૧૬. | સાવલી | ૨૯ | ડિસેમ્બર | ૧૯૯૦ |
| ૧૭. | નવસારી | ૩૦ | જાન્યુઆરી | ૧૯૯૨ |
| ૧૮. | ભીમોર (ચોટીલા) | ૨૪ | ડિસેમ્બર | ૧૯૯૪ |
| ૧૯. | અમીરગઢ | ૨૮ | ડિસેમ્બર | ૧૯૯૬ |
| ૨૦. | રાધનપુર | ૨૫,૨૬,૨૭ | ડિસેમ્બર | ૧૯૯૮ |
| ૨૧. | સણાલી (દાંતા) | ૨૩,૨૪,૨૫ | ડિસેમ્બર | ૨૦૦૦ |
| ૨૨. | બારડોલી | ૨૭,૨૮,૨૯ | ડિસેમ્બર | ૨૦૦૨ |
| ૨૩. | વલ્લભવિદ્યાનગર | ૨૫,૨૬ | ડિસેમ્બર | ૨૦૦૪ |
| ૨૪. | માંડવી (કચ્છ) | ૨૩,૨૪,૨૫ | ડિસેમ્બર | ૨૦૦૬ |
| ૨૫. | કીમ (સુરત) | ૨૬,૨૭,૨૮ | ડિસેમ્બર | ૨૦૦૮ |
| ૨૬. | મોડાસા | ૨૪,૨૫,૨૬ | ડિસેમ્બર | ૨૦૧૦ |
| ૨૭. | સુરત | ૨૧,૨૨,૨૩ | ડિસેમ્બર | ૨૦૧૨ |
| ૨૮. | ઈન્દોર | ૧૯,૨૦,૨૧ | ડિસેમ્બર | ૨૦૧૪ |

***ઉપરોક્ત અહેવાલ તૈયાર કરવામાં નીચેની વ્યક્તિઓનો ફાળો રહ્યો છે.***
***મંત્રીશ્રી નીતિન વડગામા, શ્રી ઉષા ઉપાધ્યાય, શ્રી જનક નાયક, શ્રી કીર્તિદા શાહ,***
***શ્રી માધવ રામાનુજ, ટ્રસ્ટીશ્રી રૂપલ મહેતા, હર્ષ બ્રહ્મભટ્ટ, પાવન બકેરી,***
***કાર્યકારી નિયામક પારુલ કં. દેસાઈ, ઈતુભાઈ કુરકુટિયા તથા***
***કર્મચારીઓ ચન્દ્રકાન્ત ભાવસાર, રશ્મિકાન્ત દવે તથા જે તે પ્રવૃત્તિના સંયોજકો.***

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રમુખો અને અધિવેશનો

| ક્રમ | પ્રમુખ | અધિવેશન સ્થળ | વર્ષ |
|---|---|---|---|
| ૧. | ગોવર્ધનરામ મા. ત્રિપાઠી | અમદાવાદ | ૧૯૦૫ |
| ૨. | કેશવલાલ હ. ધ્રુવ | મુંબઈ | ૧૯૦૭ |
| ૩. | અંબાલાલ સા. દેસાઈ | રાજકોટ | ૧૯૦૯ |
| ૪. | રણછોડલાલ ઉદયરામ દવે | વડોદરા | ૧૯૧૨ |
| ૫. | નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા | સુરત | ૧૯૧૫ |
| ૬. | હરગોવિંદ દ્વા. કાંટાવાળા | અમદાવાદ | ૧૯૨૦ |
| ૭. | કમળાશંકર પ્રા. ત્રિવેદી | ભાવનગર | ૧૯૨૪ |
| ૮. | રમણભાઈ મ. નીલકંઠ | મુંબઈ | ૧૯૨૬ |
| ૯. | આનંદશંકર બા. ધ્રુવ | નડિયાદ | ૧૯૨૮ |
| ૧૦. | ભૂલાભાઈ જીવણજી દેસાઈ | નડિયાદ | ૧૯૩૧ |
| ૧૧. | કૃષ્ણલાલ મો. ઝવેરી | લાઠી | ૧૯૩૪ |
| ૧૨. | મોહનદાસ કરમચંદ ગાંધી | અમદાવાદ | ૧૯૩૬ |
| ૧૩. | કનૈયાલાલ માણેકલાલ મુનશી | કરાંચી | ૧૯૩૭ |
| ૧૪. | અરદેશર ફરામજી ખબરદાર | મુંબઈ | ૧૯૪૧ |
| ૧૫. | વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠ | વડોદરા | ૧૯૪૩ |
| ૧૬. | રામનારાયણ વિ. પાઠક | રાજકોટ | ૧૯૪૬ |
| ૧૭. | કનૈયાલાલ મા. મુનશી | નડિયાદ | ૧૯૪૯ |
| ૧૮. | હરિસિદ્ધભાઈ વ. દિવેટિયા | નવસારી | ૧૯૫૨ |
| ૧૯. | કનૈયાલાલ મા. મુનશી | નડિયાદ | ૧૯૫૫ |
| ૨૦. | કાકાસાહેબ કાલેલકર | અમદાવાદ | ૧૯૫૯ |
| ૨૧. | વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી | કલકત્તા | ૧૯૬૧ |
| ૨૨. | રસિકલાલ છો. પરીખ | મુંબઈ | ૧૯૬૪ |
| ૨૩. | જ્યોતીન્દ્ર હ. દવે | સુરત | ૧૯૬૬ |
| ૨૪. | ઉમાશંકર જોશી | દિલ્હી | ૧૯૬૮ |
| ૨૫. | ત્રિભુવનદાસ લુહાર 'સુન્દરમ્' | જૂનાગઢ | ૧૯૭૦ |
| ૨૬. | ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ' | મદ્રાસ | ૧૯૭૨ |
| ૨૭. | ગુલાબદાસ બ્રોકર | વલ્લભવિદ્યાનગર | ૧૯૭૪ |
| ૨૮. | રામપ્રસાદ બક્ષી | પોરબંદર | ૧૯૭૬ |
| ૨૯. | ચંદ્રવદન મહેતા | કલ્યાણ | ૧૯૭૮ |
| ૩૦. | અનંતરાય મ. રાવળ | વડોદરા | ૧૯૭૯ |
| ૩૧. | મનુભાઈ પંચોળી 'દર્શક' | હૈદ્રાબાદ | ૧૯૮૧ |
| ૩૨. | યશવંત શુક્લ | સુરત | ૧૯૮૩ |
| ૩૩. | કે.કા. શાસ્ત્રી | પૂણે | ૧૯૮૫ |
| ૩૪. | ભોગીલાલ સાંડેસરા | મુંબઈ | ૧૯૮૭ |
| ૩૫. | જયન્ત પાઠક | રાજકોટ | ૧૯૮૯ |
| ૩૬. | 'ઉશનસ્' | કોઈમ્બતૂર | ૧૯૯૧ |
| ૩૭. | રાજેન્દ્ર શાહ | કોલકત્તા | ૧૯૯૩ |
| ૩૮. | વિનોદ ભટ્ટ | જામનગર | ૧૯૯૫ |
| ૩૯. | નિરંજન ભગત | વડોદરા | ૧૯૯૭ |
| ૪૦. | ધીરુભાઈ ઠાકર | વિસનગર | ૧૯૯૯ |
| ૪૧. | રઘુવીર ચૌધરી | પાટણ | ૨૦૦૧ |
| ૪૨. | ધીરુબહેન પટેલ | મહુવા | ૨૦૦૩ |
| ૪૩. | બકુલ ત્રિપાઠી | મુંબઈ | ૨૦૦૫ |
| ૪૩. | હરિકૃષ્ણ પાઠક (કાર્યકારી પ્રમુખ) | – | ૨૦૦૬ |
| ૪૩. | કુમારપાળ દેસાઈ | – | ૨૦૦૬ |
| ૪૪. | નારાયણભાઈ દેસાઈ | ગાંધીનગર | ૨૦૦૭ |
| ૪૫. | ભગવતીકુમાર શર્મા | નવસારી | ૨૦૦૯ |
| ૪૬. | ભોળાભાઈ પટેલ | જૂનાગઢ | ૧-૧- ૨૦૧૨થી ૨૦-૫-૨૦૧૨(અવ) |
| ૪૬. | વર્ષા અડાલજા | – | ૮-૭-૨૦૧૨ |
| ૪૭. | ધીરુ પરીખ | આણંદ | ૨૦૧૪ |



***ઉપરોક્ત અહેવાલ તૈયાર કરવામાં નીચેની વ્યક્તિઓનો ફાળો રહ્યો છે.***
***મંત્રીશ્રી નીતિન વડગામા, શ્રી ઉષા ઉપાધ્યાય, શ્રી જનક નાયક, શ્રી કીર્તિદા શાહ, શ્રી માધવ રામાનુજ, ટ્રસ્ટીશ્રી રૂપલ મહેતા, હર્ષ બ્રહ્મભટ્ટ, પાવન બકેરી, કાર્યકારી નિયામક પારુલ કં. દેસાઈ, ઇતુભાઈ કુરકુટિયા તથા કર્મચારીઓ ચન્દ્રકાન્ત ભાવસાર, રશ્મિકાન્ત દવે તથા જે તે પ્રવૃત્તિના સંયોજકો.***